





કણા ને ખસેડવાનો ધણધણાટ શરૂ થયો છે,
અને કટોકટીનો ચણભણાટ શરૂ થયો છે,
ગણગણાટ થયો શરૂ પક્ષમાં અસંતોષનો -
હવે અણગમાનો સણસણાટ શરૂ થયો છે..
(સ્વભાવ નો પ્રભાવ)




લ્યો! સાંસદો ને -
મળશે સબસીડી -
'ખાવા' માં પણ..
(સંસદ ભોજનાલયમાં)

થોડી વાંછટે -
લાગી ગઇ શરદી -
ટેલિફોન ને..
(નગરના ફોન શાંત)

## ચિંતન

**વ્યસનેષ્વેવ સર્વેષુ યસ્ય બુદ્ધિર્ન હીયતે ।**
**સ તેષાં પારમભ્યેતિ તત્પ્ર ભાવાદ્ સંશયમ્ ॥**

'ગમે તેવાં તમામ પ્રકારનાં દુષ્કર દુખોમાં પણ જેની બુદ્ધિની સ્થિરતા ચલિત થતી નથી કે ક્ષીણ થઇ નાશ પામતી નથી. તે માણસ તેના એ બુદ્ધિ પ્રભાવથી જ બધી જ દુખદ પરિસ્થિતિની આરપાર નિકળી જાય છે, એમાં જરા પણ સંશય નથી.'

કેટલાક લોકો નાની-મોટી સમસ્યા, મુશ્કેલી કે કામનો બોજ આવી પડતાં જ હાંફળા ફાંફળા થઇ જાય છે. મગજને શાંત રાખી સમસ્યા આવવાના અને તેના નિરાકરણના કારણ ઉપાય વિચારતા નથી અને વિચલિત થઇ જાય છે.

પરંતુ કોઇ પણ સમસ્યા-આપત્તિ આવી પડે ત્યારે શાંત-ચિત્તે, એ શા માટે, કેમ-કયાંથી આવી અને તેને દૂર કરવાનો જો વિચાર કરે તો તેમાંથી નિકળવાનો માર્ગ ચોક્કસ મળી રહે છે; અને કોઇ આપત્તિ આવી હતી એની ખબર પણ પડતી નથી.

ક્રોધ-ઉશ્કેરાટ-ચિંતામાં કોઇ સાચો નિર્ણય લેવાતો નથી. મન-મગજ શાંત રાખી વિચાર કરવો.

## સુવિચાર

- જ્ઞાનનો ઘમંડ વિદ્વાનના પતનનું કારણ બને છે - **જ્ઞાનસૂત્ર**
- જો તમે હારમાંથી કંઇક શીખશો તો તમે કશું ગુમાવ્યું નથી - **ડો. દિપક ચોપડા**
- જયારે આપણી વચ્ચે 'હું' અને 'તુ' નહીં રહે ત્યારે મંદિર મસ્જિદ અને દેવળ બધું જ સમાન થઇ જશે - **અખંડ આનંદ**
- આનંદ અને લાલચ કયારેક એકબીજાનો ચહેરો જોઇ શકતા નથી પછી તે પરસ્પરના મિત્ર હોય તેવું સંભવ શી રીતે?? - **એસ. ભટ્ટાચાર્ય**
- જીવન એટલે વિશુદ્ધ આનંદ.. જીવન એટલે સંસારના ભરતી ઓટથી પર એવી ભાવના - **કનૈયાલાલ મુન્શી**
- પોતાની અંદર આનંદ મેળવવો મુશ્કેલ છે, પરંતુ એને બીજે કયાંક મેળવવો અસંભવ છે - **આનંદસૂત્ર**
- સત્યના હિમાયતી બનવા કરતાં જો આપણે સત્યસ્વરુપ થવા ઇચ્છીએ તો આપણે ઇશ્વરના યે ઇશ્વર બની શકીશું - **સ્વામી રામતીર્થ**

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધ કથા

એક મુમુક્ષુ - જ્ઞાન પ્રાપ્તિની ખોજમાં ઘર-સંસારનો ત્યાગ કરી વન-જંગલમાં કયાંક તપ અને ગુરુની સાધના માટેનું સ્થળ શોધતો ભટકતો હતો. એકવાર એને ખૂબ કકડીને ભૂખ લાગી. ફળ-ફૂલ કંઇ મળ્યું નહીં,

ત્યાં, એક ગુફાની બહાર વૃક્ષની નીચે બેસી એક મહાત્મા ખપ્પરમાં દાલ-રોટી ખાતા હતા. પેલા મુમુક્ષએ કહ્યું - બાબા હું ભૂખ્યો છું મને કંઇક ખાવાનું આપો...

સંતે પુછ્યું તું અહીં જંગલમાં શા માટે ભટકે છે?

પેલો કહે - કોઇ સંતના આશીર્વાદ કે ઉપદેશ મેળવવાની ઇચ્છાથી ઘર-સંસાર છોડયાં છે..

સંત કહે - બેસ, ખાવાનું આપું છું. સંત ગુફામાં જઇ બીજી એક ખોપરીમાં દાલ-રોટી લઇ આવ્યા અને પેલાને આપી. કહ્યું લે શાંતિથી ખા..

મુમુક્ષુ કહે - બાબા હું ભૂખ્યો છું, પણ આવી ખોપરીમાંથી તો કંઇ ખાધું નથી મને સૂગ છે. હું ભૂખ્યો રહીશ પણ આમાં તો નહીં જ જમું...

સંત કહે - આ ખોપરી તો માટી-પાણીની સાફ કરેલી છે પેલાએ તો પણ ના જ પાડી.

સંત કહે - તારા માંથામાં જે ખોપરી છે એમાં ક્રોધ-ઇર્ષા-વાસનાના કીડા ભર્યા છે છતાં તું એને માથે રાખી ફરે છે.. આ ખોપરી ખાલી અને શુદ્ધ છે.. મુમુક્ષુને બોધ સાથે ખાવાનું પણ મળ્યું.

Email - sureshchandrabhatt18@gmail.com

# ભારતના પ્રથમ મહિલા રાજદૂત કોણ હતા?

## ભારતીય બંધારણ

(૧) ભારતીય બંધારણના આમુખનો વિચાર કયા દેશના બંધારણમાંથી લીધો છે?
(અ) યુએસએ (બ) જર્મની
(ક) બ્રિટન (ડ) રશિયા

(૨) રાજયના ઉપલા ગૃહને શું કહેવાય છે?
(અ) રાજયસભા (બ) વિધાનસભા
(ક) વિધાન પરિષદ (ડ) લોક પરિષદ

(૩) ભારતીય પ્રજાસત્તાક રાજયના વડા કોણ છે?
(અ) વડાપ્રધાન (બ) રાષ્ટ્રપતિ
(ક) ન્યાયમૂર્તિ (ડ) મુખ્ય ચૂંટણી કમિશ્નર

(૪) કેબીનેટ બેઠકના વડા કોણ હોય છે?
(અ) સ્પીકર (બ) રાષ્ટ્રપતિ
(ક) ઉપરાષ્ટ્રપતિ (ડ) વડાપ્રધાન

(૫) ભારતીય સંવિધાનમાં સુધારા માટેની પ્રક્રિયા પદ્ધતિ કયા બંધારણમાંથી લેવાયેલી છે?
(અ) કેનેડા (બ) દ.આફ્રિકા
(ક) અમેરિકા (ડ) દ. જર્મની

(૬) એકવોકેટ જનરલની નિમણૂંક કોણ કરે છે?
(અ) રાષ્ટ્રપતિ (બ) વડાપ્રધાન
(ક) રાજયપાલ (ડ) મુખ્યમંત્રી

(૭) કેન્દ્રશાસિત પ્રદેશના વહીવટની જવાબકારી કોની હોય છે?
(અ) વડાપ્રધાન (બ) રાષ્ટ્રપતિ
(ક) ઉપરાષ્ટ્રપતિ (ડ) વડાપ્રધાન

(૮) લોકસભાની બેઠકમાં નિર્ણાયક મત આપવાની સત્તા કોને છે?
(અ) સ્પીકરને (બ) સંસદ સભ્યોને
(ક) વડાપ્રધાનને (ડ) રાષ્ટ્રપતિને

(૯) સર્વોચ્ચ અદાલતના અધિકારક્ષેત્ર પર કાપ મુકવાની સત્તા કોને છે?
(અ) રાષ્ટ્રપતિને (બ) વડાપ્રધાનને
(ક) સંસદને (ડ) ન્યાયમૂર્તિને

(૧૦) સૌથી વધારે સમય લોકસભાના સ્પીકર તરીકે કોણ રહ્યું છે?
(અ) શિવરાજ પાટીલ (બ) રવિ રે
(ક) બલરામ જાખડ (ડ) નઝમા હેપતુલ્લા

(૧૧) ભારતના પ્રથમ મહિલા રાજદૂત કોણ હતા?
(અ) રાધાજી સુબ્રહ્મણ્યમ (બ) કમલા નહેરુ
(ક) વિજયાલક્ષ્મી (ડ) સરોજની નાયડૂ

(૧૨) ભારતીય બંધારણમાં મહાત્મા ગાંધીનો વિચાર કયાં લેવામાં આવ્યો?
(અ) મૂળભૂત ફરજોમાં (બ) મૂળભૂત અધિકારોમાં
(ક) રાજયનિર્દેષક તત્ત્વોમાં (ડ) માર્ગદર્શક સિદ્ધાંતો

(૧૩) લોકશાહી સફળ બનાવવા માટે ભારતે કયો આદર્શ અપનાવ્યો છે?
(અ) કુટુંબ કલ્યાણ (બ) કલ્યાણ રાજય
(ક) પંચવર્ષીય યોજનાઓ (ડ) સર્વોદય યોજનાઓ

(૧૪) આપણે નીચેનામાંથી કયા દેશના બંધારણમાંથી પ્રેરણા લીધી નથી?
(અ) આર્યલેન્ડ (બ) અમેરિકા
(ક) કેનેડા (ડ) ચીન

(૧૫) લોકસભામાં વિરોધપક્ષના નેતાનો હોદ્દો કોની સમકક્ષ ગણાય છે?
(અ) મુખ્યપ્રધાન (બ) કેબીનેટ મંત્રી
(ક) ગૃહપ્રધાન (ડ) સ્પીકર

## વિવિધા

**વિષય : તોલમાપના વિનિમય દર**

| | | |
|---|---|---|
| ૧ ઈંચ | = | ૨.૫૪ સે.મી |
| ૧ સે.મી. | = | ૦.૩૯ ઈંચ |
| ૧ ફૂટ | = | ૦.૩૦૪૮ મીટર |
| ૧ મીટર | = | ૩.૨૮ ફૂટ |
| ૧ માઈલ | = | ૧.૬૧ કિલોમીટર |
| ૧ પાઉન્ડ | = | ૦.૪૫ કિલોગ્રામ |
| ૧ કિલોગ્રામ | = | ૨.૨૧ પાઉન્ડ |
| ૧ પિન્ટ | = | ૦.૫૭ લિટર |
| ૧ લિટર | = | ૧.૭૬ પિન્ટ |
| ૧ ગેલન | = | ૦૪.૫૪૬ લિટર |
| ૧ લિટર | = | ૦.૨૨ ગેલન |
| ૧ કિ.મી. | = | ૦.૬૨૧૪ માઈલ |
| ૧ માઈલ | = | ૧૬૦૯ મીટર |
| ૧ ફૂટ | = | ૧૨ ઈંચ |
| ૧ વાર | = | ૩ ફૂટ |
| ૧ ફલોગ | = | ૨૨૦ વાર |
| ૧ માઈલ | = | ૫૨૮૦ ફૂટ |
| ૧ એકર | = | ૪૮૪૦ ચોરસવાર |
| ૧ ગુંઠા | = | ૧૨૧ ચોરસવાર |
| ૧ તોલા | = | ૧૧.૬૬૪ ગ્રામ |
| ૧ ઔંસ | = | ૩૧.૧૦૩ ગ્રામ |
| ૧૬ ઔંસ | = | ૧ પાઉન્ડ |
| ૨૮ પાઉન્ડ | = | ૧ ક્વાર્ટર |
| ૪ ક્વાર્ટર | = | ૧ હંડ્રવેટ |
| ૨૦ હંડ્રવેટ | = | ૧ ટન |
| ૧ રીમ | = | ૫૦૦ કાગળ |
| ૧ ગેલન પાણી | = | ૧૦ શેર |
| ૧ ગેલન પેટ્રોલ | = | ૮ શેર |
| ૧ ગેલન કેરોસીન | = | ૮ પ્રિન્ટ |
| ૧ ડઝન | = | ૧૨ નંગ |
| ૧ ગ્રોસ | = | ૧૨ ડઝન |
| ૧ એકર | = | ૦.૪૦૫ હેકટર |
| ૧૦ મિલીગ્રામ | = | ૧ સેન્ટી ગ્રામ |
| ૧૦ સેન્ટીગ્રામ | = | ૧ ડેસીગ્રામ |
| ૧૦ ડેસીગ્રામ | = | ૧ ગ્રામ |
| ૧૦ ગ્રામ | = | ૧ ડેકા ગ્રામ |
| ૧૦ ડેકા ગ્રામ | = | ૧ હેકટોગ્રામ |
| ૧૦૦ કિલોગ્રામ | = | ૧ ક્વિન્ટલ |
| ૧૦૦૦ કિલોગ્રામ | = | ૧ મેટ્રીક ટન |
| ૧ કિલોગ્રામ | = | ૧૦૦૦ ગ્રામ |

## ખજાનો



- ડૉ. અનિલ પટેલ
anilbhaikpatel@gmail.com

## ગયા સપ્તાહનો સવાલનો જવાબ

**સવાલ - આઇ.પી.એલ. ક્રિકેટ ટુર્નામેન્ટનો વિચાર આપનાર અને તેને શરુ કરનાર કોણ હતા?** **જવાબ : લલિત મોદી**

## સાચા ઉત્તર આપનાર પત્ર મિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨ (૨) મૂળજીભાઈ પરમાર 'દધિ' - સે-૭
(૩) નટુભાઈ દરજી : પેથાપુર (૪) યુ.એન. જરદોશ - સે-૨બી, ૧૪૫૯/૨
(૫) જે.એ. અમદાવાદવી : સે-૨બી (૬) જયેન્દ્ર પાઠક : ઈન્ફોસીટી

## આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**ભાજપના વરિષ્ઠ નેતા યશવંત સિંહા અગાઉની એન.ડી.એ. સરકારમાં કયા મંત્રી હતા?**

**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

## સાચા જવાબો

(૧) અ (૨) ક (૩) બ (૪) ડ (૫) બ (૬) ક (૭) બ (૮) અ (૯) ક (૧૦) ક (૧૧) ક (૧૨) ક (૧૩) બ (૧૪) ડ (૧૫) બ

# સો વર્ષ પહેલાં ગાંધીજીના 'મેક ઈન ઈન્ડિયા'નો વિચાર

## બહારથી એક પણ જણસ વ્યાપાર અર્થે લાવવામાં ન આવી હતે તો હિંદ આજે પણ દહીં-દૂધથી છલકાતી ભૂમિ રહી હતે

મહાત્મા ગાંધીએ 'સ્વદેશી' વિશેના પોતાના વિચારોનો છેલ્લો ભાગ હાથ ધરતાં કહ્યું હતું કે, આર્થિક અને ઔદ્યોગિક જીવનમાં સ્વેદશીનો ત્યાગ કરવાથી દેશને હાનિ પહોંચી છે. લોકોની અત્યંત ગરીબાઇ તેને આભારી છે. હિંદની બહારથી એકપણ જણસ વ્યાપાર અર્થે અહીં લાવવામાં આવી ન હતે, તો હિંદ આજે દહીં-દૂધથી છલકાતી બૂમિ રહી હતે.

ઈંગ્લેન્ડે હિંદ સાથે સંબંધની દેખીતી રીતે કુદષ્ટિથી બાંધ્યો હતો. એવી નોંધ લેતા ગાંધી પુનઃ ઈંગ્લેન્ડની જાહેર કરાયેલી નીતિનો ઉલ્લેખ કરતાં કહે છે. હિંદીઓના હિત માટે જ તે હિંદને સંભાળે છે. જો આ ખરું હોય તો લેન્કેશાયરે હિંદની વચમાં ન આવવું જોઈએ. સ્વદેશીની ચળવળ વેર લેવાની ભાવનાથી ઉપાડવામાં આવેલી બૉયકોટની ચળવળ જેવી નથી. બલકે સૌ કોઈને પાળવાના ધાર્મિક નિયમ તરીકે માનવા જેવી છે. ઈંગ્લેન્ડ પોતાને જોઈતી બધી વસ્તુઓ ઉપજાવીને પોતાનું પોષણ કરી શકે એમ છે. આ વાત સાવ હસી કાઢવા જેવી લાગશે અને તેમાં સત્ય નથી એ વાત એ પરથી સમજાશે કે દુનિયાના સૌથી મોટા આયાત કરનારા દેશમાંહ્યલો તે એક છે. હિંદ જયાં સુધી પોતાનો નિભાવ ન કરી શકે ત્યાં સુધી બીજા દેશની ઉપાધિ કરવી શક્ય નથી. હિંદ પોતાની હદમાં જ પોતાની જરૂરિયાતોને પહોંચી વળવા માટે જોઈતી દરેક વસ્તુ પેદા કરે અને તેમ કરવામાં તેને મદદ કરવામાં આવે તો જ હિંદ પોતાનો નિભાવ કરી શકે.




એક વખત આબાદી ભોગવતા સાળ ઉદ્યોગના માલિકો અને કારિગરોની બેકારી અને ઉદ્યોગ મરવા પડ્યો છે એ બાબતે ઉલ્લેખ કરતાં મહાત્માએ કહ્યું કે હિંદના આ વણકરોની સ્થિતિ જોતાં મારું હૈયું પીડાયું હતું. જો આપણે સ્વદેશી સિદ્ધાંતનું પાલન કરતા હોઈએ તો તમારી અને મારી ફરજ છે કે આપણી જરૂરિયાતો પૂરી પાડી શકે એવા પાડોશીઓ શોધી કાઢવા જોઈએ. તથા જેઓને તે કામ કરતાં નથી આવડતું તેઓને તે શિખાવડું જોઈએ. આમ થશે ત્યારે જ હિંદનું દરેક ગામડું પોષણ અને રક્ષણ માટે પોતા ઉપર જ આધાર રાખતું બનશે. અને ખાસ સંજોગોમાં સ્થાનિક કક્ષાએ જે વસ્તુની પેદાશ નહીં હોય તેવી જણસોની આયાત તથા નિકાસ કરશે. આ બધી વાતો નરી ઘેલછાઈ જણાશે અને સ્વીકારતાં ગાંધીજી કહે છે ગમે તેમ હો, પણ હિંદ તો ઘેલો દેશ છે. કોઈ માયાળુ મુસલમાન પીવા માટે ચોખ્ખું પાણી આપવા તૈયાર હોય તે ન લેતા તરસ વેઠી પોતાનું ગળું સૂકવી નાખવું, એ ગાંડાઈ જ છે. છતાં હજારો હિંદુઓ મુસલમાનના ઘરનું પાણી પીવા કરતાં તરસથી મરી જવું પસંદ કરે છે.

આ જ ઘેલા માણસોને જે એક વખત એવી ખાતરી થઈ જાય કે તેઓનો ધર્મ માત્ર હિંદમાં જ બનેલા કપડાં પહેરવાનો અને હિંદમાં જ ઉત્પન્ન થયેલો ખોરાક લેવાનો છે તો પછી તેઓ બીજાં કપડાં પહેરવાને અથવા બીજો ખોરાક લેવા લલચાશે નહીં.

તત્કાલીન ગર્વનર હાર્ડિંગ સ્વદેશીની પ્રથા દાખલ કરે તો લગભગ આખું હિંદુસ્તાન પરદેશીમાલનો ત્યાગ કરે. આ તકે પણ મહાત્મા ગાંધી જીવનની કોઈ પણ પ્રવૃત્તિમાં કાયદો વચ્ચે પડે એ મને ઈષ્ટ નથી. કાયદો ગમે તેવો હોય તો પણ એક પ્રકારનું અનિષ્ટ જ છે, એવું સ્પષ્ટ મંતવ્ય હોવા છતાં જો હિંદમાં આવતા પરદેશી માલ ઉપર સરકાર કાયદા દ્વારા કડક આયાતવેરો નાંખવામાં આવે તો હું તેને ચલાવી લઈશ, બલ્કે વધાવી લઈશ. તેનો હું બચાવ કરીશ. સ્વદેશીના માધ્યમથી 'મેઈક ઈન ઈન્ડિયા' સંબંધમાં ગાંધીજીના વિચારો સો વર્ષ પહેલા આવા હતા તેમ આના પરથી ચોખ્ખું થાય છે.

સ્વદેશી એક ધાર્મિક નિયમ છે અને કદી કોઈ વ્યક્તિને શારીરિક અગવડ વેઠવી પડે તો પણ તેનો વિચાર કર્યા વિના તેનું પાલન કરવાનું છે અને તેમ કરવા જતાં, એક સોય કે ટાંકણી વાપરવી છોડી દેવી પડે, કારણ કે આ વસ્તુઓ હિંદમાં નથી બનતી, તો તેથી આપણને મૂંઝવણ થવી જ જોઈએ. સ્વદેશી વ્રત સેંકડો જણસો જે આજે તેને જરુરથી જણાય છે તે વિના ચલાવી લેતા શીખે છે. વળે, સ્વદેશી ધર્મ પાળવો શક્ય નથી એવી દલીલ કરીને સ્વદેશી છોડી દે છે તેઓ ભૂલી જાય છે કે સ્વેદશી તો એક લક્ષ છે જેની પ્રાપ્તિ માટે એક સરખો પ્રયત્ન કરવાનો છે.

સ્વદેશી સામે રજૂ કરવામાં આવતા વિવિધ વાંધા વિરોધને સરળ શબ્દોમાં જવાબ વાળીને છેલ્લે વધેલા એક જ વિરોધનો વિચાર બાકી રહે છે એની સામે પોતાની વાત રજૂ કરતાં ગાંધીજી કહે છે કે વિરોધીઓ સ્વદેશીને એક અતિ સ્વાર્થી નિયમ તરીકે ગણે છે, આ માટે નીતિશાસ્ત્રમાં કોઈ પ્રમાણ નથી તથા સ્વદેશીનું પાલન કરવુંએ જંગલી દશા પાછી સ્વીકારવા સમાન છે. આ દલીલનું વિસ્તારથી પૃથ્થકરણ કરવા નથી ઈચ્છતો એમ વર્ણવતા ગાંધીજી છતાં એટલું તો જણાવે છે કે સ્વેદશી એ એક જ એવો સિદ્ધાંત છે કે જે નમ્રતા અને પ્રેમને અનુકૂળ છે. હું મારા કુટુંબની ભાગ્યે જ સેવા કરી શકતો હોઉં, તેવે વખતે આખા હિંદની સેવા કરવા બહાર પડવા વિચાર કરવો એ મદ જ કહેવાય. હું મારા કુટુંબને જ મારા પ્રયત્નનું લક્ષ બનાવું, અને તેમ કરીને હું એમ માનું કે હું આખા રાષ્ટ્રની સેવા કરું છું, બલકે આખી માણસ જાતની સેવા કરું છું તો તે વધારે સારું કહેવાય. આમાં જ નમ્રતા છે, આમાં જ પ્રેમ છે. કર્મના સારાસારનો નિર્ણય વૃત્તિ ઉપરથી કરાય છે. બીજાઓની હું પીડા કરતો હોઉં છતાં તે ઉપર ધ્યાન આપ્યા વિના મારા કુટુંબની સેવા કરવી મારા માટે શક્ય છે.

મદ્રાસમાં મિશનરી પરિષદમાં પાદરીઓને સંબોધન કરતા વકતવ્યના અંતમાં મહાત્મા ગાંધી એવો વિચાર રજૂ કરે છે કે 'મારી જન્મભૂમિની સેવામાં હું મારું ચિત્ત પૂર્ણ નમ્રતાથી પરોવું છું; એટલે તે વ્યાવર્તક છે. પરંતુ મારી સેવા સ્પર્ધા કે વિરોધરુપે નથી એટલે તે અભિવ્યાપક છે.' 'તમારી પ્રવૃત્તિ એવી રીતે ગોઠવો કે જેથી તમારા પડોશીને ખલેલ ન પહોંચે.' આ સૂત્ર કેવળ કાયદાનું જ નથી, પરંતુ એ તો જીવનનો એક મહાન નિયમ છે. અહિંસા અથવા પ્રેમના યોગ્ય પાલનની એ કુંચી છે. તમે એક મહાન ધર્મના રક્ષકો હોઈ નવી પ્રથા પાડી શકો છો. આચારથી તમારા ઉપદેશને પાલન કરી તમે લોકોને સમજાવી શકો છો કે દ્વેષભાવથી પોષાતું દેશાભિમાન મારે છે, પરંતુ પ્રેમભાવથી પોષાતું દેશાભિમાન તારે છે.

૧. આ સૂત્રનાં વિસ્તૃત વાંચન માટે જુઓ સત્યના પ્રયોગો અથવા આત્મકથા, ભાગ-૧, પ્રકરણ-૨૫.

લેખ સંદર્ભ : મદ્રાસની મિશનરી પરિષદમાં સ્વદેશી વિષે ભાષણ : ગાંધીજીનો અક્ષરદેહ ભાગ-૧૩, પૃષ્ઠ : ૨૦૫ થી ૨૦૭.

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

# મને પણ આનંદ જ હતો કે હું અને ગીતા ભણી ગણીને સાથે રહીને આનંદથી રહીશું અને મારે બીજી બહેનપણી પણ શોધવી નહીં પડે

## વહાલી દીકરીની વેદના

- અસ્મિતા એ. દવે

આજકાલ મીના ખૂબ જ ઉદાસ હતી. તેની હાલત જોતાં એવું લાગતું કે તે અનેકગણા બોજાની દબાયેલી હોય.

હસતી ખેલતી આનંદી અને મસ્ત મજાની મીના મુરઝાયેલી કરમાયેલી જોતાં મારું મન દ્રવી ઉઠતું હતું. નટખટ મીનાનું રમતિયાળપણું કયાં છૂ થઈ ગયું તે જાણવાની પરવા તેના ઘરમાં કોઈને હોય તેવું નહોતું જણાતું.

બરાબર નિરીક્ષણ કરતાં એક બાબતની મેં જરુર નોંધ લીધી કે તેનાં ઘરનાં સભ્યોની હાજરીમાં તેણી દેખાવ ખાતર સારું વર્તન કરતી હતી. મારા નિરીક્ષણ દ્વારા મને જે તારણ મળ્યું તે અંગે દીકરીના માબાપ સુદ્ધા દીકરીની ઉદાસીનતા કળી શકતા નથી તે બહું નવાઈની વાત કહેવાય.

એક દિવસ સાંજના સમયે હું નજીકના બગીચા પાસેથી પસાર થઈ રહી હતી ત્યારે અચાનક મારી નજર મીના પર પડી તે એકલી ફૂલછોડને હાથ પસવારી રહી જાણે મને એવું લાગ્યું કે એ પોતાની વેદના ફૂલછોડ જોડે શૅર કરીને હળવી થતી હોય તેવું લાગ્યું.

હું હળવેથી તેની પાસે પહોંચી, વહાલથી તેનો એક હાથ હાથમાં લઈ મારો બીજો હાથ તેના માથે ફેરવતાં પૂછ્યું, 'બેટા, મીના તું એકલી જ કેમ ગાર્ડનમાં આવી છે? મેં જેટલા વહાલથી મીનાને પુછ્યું એથી પણ વિશેષ વિશાદ તેના ચહેરા પર છવાઈ ગયો અને તેણીની બંને આંખોમાંથી એક એક અશ્રુ સરી પડ્યું.

હવે મારી લાગણી ન રોકી શકી અને મેં સહસા કહ્યું, બેટા હું તો તારી સખી જેવી છું કોઈ પણ તકલીફ હોય તો બેધડક મને જણાવ આપણે ભેગા મળીને તેનો ઉપાય શોધી કાઢીશું.'

મીના જરા સ્વસ્થ થઈ અને અત્યંત ધીરા સ્વરે તેણી મને કહેવા લાગી, આન્ટી, તમે મારી વાત સાંભળો. મારું ધો-૧૦ નું ઉત્કૃષ્ટ પરિણામ આવતાં મારા માતા પિતાએ મને ખુબ જ અભિનંદન આવ્યા અને ગર્વ અનુભવતા મને કહે તું તો અમારો બેટો છે બેટો... અને મારા હરખનો પાર ના રહ્યો. હું તો આ સાંભળીને ધન્યતા અનુભવવા લાગી.' પણ... આટલું કહીને મીના થોડીવાર અટકી ગઈ મેં તેનો હાથ પસવારતાં કહ્યું બેટા, તું આમ વ્યથિત થઈ જાય તો તારી તકલીફ શું છે તે મને કેમ ખબર પડે? તું કોઈ પણ હિચકિચાટ વગર આગળ વાત જણાવ.

ફરી પાછી હિંમત એકઠી કરતા મીના કહેવા લાગી, આન્ટી, મારા મામા ગામડે રહે છે અને તેમની દીકરી ગીતા પણ ધો-૧૦ પાસ કરીને ધો-૧૧માં અભ્યાસ કરવાનો છે પરંતુ મારા મામાના ગામમાં ધો-૧૧ની સ્કૂલ નથી, તેથી ગીતા પણ અમારે ઘરે રહી અને ધો-૧૧ નો અભ્યાસ કરવાની છે, તેવું નક્કી થયું છે.

મેં કહ્યું એ તો સારી બાબત કહેવાય. બંને મામા-ફઈની દીકરી સાથે અભ્યાસ કરે તેથી રુડું શું? અને બંનેને સંગાથ મળી જાય.

મને પણ આનંદ જ હતો કે હું અને ગીતા ભણી ગણીને સાથે રહીને આનંદથી રહીશું અને મારે બીજી બહેનપણી પણ શોધવી નહીં પડે. પણ આન્ટી જયારથી ગીતાને અહીં પ્રવેશ લઈને ભણવાનું નક્કી થયું છે ત્યારથી મારી મમ્મીનું વર્તન મારી જોડે બિલકુલ બદલાઈ ગયું છે. મેં પૂછ્યું એવું તે શું થયું? મીના કહે, 'આન્ટી મારી મમ્મી હવે મને દિવસમાં દસ વખત કહેતી રહે છે કે, જો મામાની દીકરી ગીતા અહીં આવે પછી તારે તેના અભ્યાસ માટે બરાબર ધ્યાન રાખવાનું. તેને તો મામા ડૉકટર બનાવવા ઈચ્છે છે માટે તેના ટકા સારા આવે તેની જવાબદારી પણ તારી, તેમજ તેનું પરિણામ તારા કરતાં ચઢિયાતું આવવું જોઈએ નહિતર મામાને હું શું જવાબ આપીશ?'

મારી મમ્મીના મગજમાં એક દ ધૂન સવાર થઈ ગઈ છે કે ગીતાનો અભ્યાસ કોઈ પણ ભોગે ઉત્તમ થવો જોઈએ અને તેથી આજકાલ મારી મમ્મી મારી પાસે ઘરમાં વધુમાં વધુ કામ કરાવે છે અને કહે ઘરકામમાં તારે જ મદદ કરવાની ગીતાને તેના અભ્યાસમાં ખલેલ ન પહોંચે તેનું ધ્યાન રાખવાનું.' આન્ટી આટલું બાકી હોય તેમ ગઈકાલે મારી મમ્મી મને કહે કે, 'મીના, ગીતાને એક્સ્ટ્રા સ્ટડી માટે મારે ટ્યુશન પણ રખાવવું છે તો તે માટે તું સારું ટ્યુશન આપતા કલાસીસની જાણકારી મેળવી લે જેથી સ્કૂલના અભ્યાસ સાથે તેનો એક્સ્ટ્રા સ્ટડી શરુ થઈ જાય પછી હું મારા ભાઈને ગીતાની ઉચ્ચ ટકાવારી લાવીને ખુશ કરી દઉં,'

આન્ટી, મારી મમ્મીને હવેથી મારી કોઈ પરવા ન હોય તેવું લાગે છે. તેમને ફક્ત ગીતા જ દેખાય છે. જેનું ખરેખર ધો.૧૦ પરિણામ મારા જેટલું તો નથી જ છતાં મારી મમ્મી ગીતા માટે ઘેલી ઘેલી થઈ ગઈ છે મારી મમ્મીના આવા વલણથી મારું મન વ્યથા અને વેદના અનુભવે છે. જેનો મારા હાથમાં કોઈ ઉકેલ નથી. મને વારંવાર યાદ આવે છે કે ગીતાને અહીં આવવાનું નક્કી થયું એ પહેલા મારા માતાપિતા પર ઓળઘોળ હતાં મારા ઉત્તમ પરિણામથી ખુશખુશાલ હતા મારી જરૂરિયાતોને સમજી પૂરી કરતાં અને અત્યંત વહાલથી મારી જોડે વાત કરતાં. પણ હવે આવી પરિસ્થિતિમાં મારી ઊંચી ટકાવારીની કોઈ કિંમત જ નથી. મારા સ્વપ્ના, મારી ઈચ્છાની હાલ તેને કોઈ પરવા નથી મારે પણ ધો.૧૨ માં ઉચ્ચ ટકાવારી મેળવી આગળ ઉચ્ચ અભ્યાસ કરવો છે પણ ભગવાન જાણે મારી ઈચ્છા પાર પડશે કે કેમ? મારી મમ્મીને કોણ સમજાવે?

વાચક મિત્રો, ખરેખર આવી બાબતો ઘણાં કુટુંબોમાં પોતાને સમાજ સારા દેખાડવા માટે, પોતાની જ સંતાનની કયારેક અજાણતા અવગણના કરવાનું કાર્ય થઈ જતું હોય છે અને આમ આશાસ્પદ સંતાનો કયારેક પોતાના માતા-પિતાથી દૂર થતાં જાય છે તેનું ધ્યાન રાખવાનું કામ વાલી તરીકે સભાન થઈને આપણે નહીં રાખીએ તો આવા ઉજ્જવળ ભાવીની ઝંખના ધરાવતા સંતાનોના અજાણતા ગુનેગાર બની જઈશું.